


## સલામી સવારની..

*હારે પોતાના પાપે તો કે'છે નડ્યું રાજકારણ!*
*કૌભાંડે થાય કેસ તો કે'છે નડ્યું રાજકરણ!*
*'રાજકારણ'ની ઢાલ ધરી દે છે કાળા ચહેરે -*
*પકડાય રંગે હાથ કે'છે નડ્યું રાજકારણ!*

હાઈકુ

*ટોલ ટેક્ષની,*
*ઉદ્યોગપતિઓને -*
*આપો દક્ષિણા..*
*(અધિકૃત લૂંટ)*

*કરે છે ચર્ચા,*
*ઓબામાના સિગ્નલે -*
*ભટકે માથાં*
*(ભારત-પાક ટ્રેનની જેમ ટકરાય છે)*

### ચિંતન

**લોકયાત્રા ભયં લજ્જા દાક્ષિણ્યં ત્યાગશીલતા । પંચ યત્ર ન વધન્તે કુર્યાત તત્ર સંસ્થિતિમ્ ॥**

ચાણક્યનીતિનું આ સૂત્ર છે :

'જે પ્રદેશમાં રોજીરોટી ન મળે અને સદાય ભયનું વાતાવરણ હોય, લોકો-લાજ-મર્યાદા અને શરમ વિનાના હોય, ઉદારતા અને ક્ષમાની વૃત્તિ ન હોય દાનવૃત્તિ ન હોય એવા દેશ-પ્રદેશમાં રહેવું નહીં.'

આજે દેશમાં 'અસહિષ્ણુતા'ની ચર્ચા છે. સાચું-ખોટું રામ જાણે રાજકારણની નીપજ હોય તો પણ ખબર નથી. પણઆજે વિદ્વાન સમજુ જ્ઞાની-શિક્ષિતો પોતાના માન-અકરામ ચંદ્રકો-એવોર્ડ પાછા આપવા લાગ્યા છે. બૌદ્ધિકોનો આ નિર્ણય ચિંતાજનક તો છે જ. કોઈ દેશ છોડી જવાનું વિચારે છે.

અચાનક મળેલી બહુમતિ અને સત્તાથી ઘણી વાર ભાન ભૂલીઈ જાય એવા ઈતિહાસમાં પૂરાવા છે. સંકુચિત વિચારશ્રેણી અને કટ્ટરવાદના નિવેદનો ભયનું વાતાવરણ ફેલાવે તે સ્વાભાવિક પણ છે.

લાજ-મર્યાદા ન હોય ત્યાં 'દુષ્કર્મો' વધે - કાયદાનો ડર ન રહે - ચોરી-લૂંટ-ખૂંટ જયાં સ્વાભાવિક હોય ત્યાં કેમ રહેવાય?!

### સુવિચાર

- દુઃખની વચ્ચે જીવવાની બે-ત્રણ રીત જ છે...
  સામનો કર, કે સબર કર કે પછી ફરિયાદ કર... - **બેફામ**
- કોઈનું અપમાન કરવું તે કોઈનો સ્વભાવ હોઈ શકે,
  કિંતુ સૌનું સન્માન કરવું એને સંસ્કાર કહેવાય - **પ્રભાવના**
- જીવનમાં ગમતી ઘટનાઓ ન થાય તો પણ
  પ્રસન્નતાનો ગ્રાફ નીચે ન ઉતરી જવો જોઈએ - **ડો. હરિશ દ્વિવેદી**
- સારા કામમાં સફળ થતાં વાર લાગે પણ ખરાબ કામમાં તો સફલતા જલ્દી ન મળે - **કાંતિ ભટ્ટ**
- પદ જતું રહે છતાં જેનું ગૌરવ ઘટે નહીં એ જ સાચો નેતા - **એસ. ભટ્ટાચાર્ય**
- પોતાને જાણવા માટે કોઈ વાર 'બીજા માણસ' થઈ જોઈએ - **મોરારિ બાપુ**
- **આજનું ઓષધ : અરડૂસીનું દાતણ કરવાથી આધાશીશી, માથાનો દુઃખાવો મટે છે.**

**(સંકલન : દીપક વી. આસરા)**

### બોધકથા

'સ્વચ્છતા ઝુંબેશ' એ હક્ક માગતા સર્વ નાગરિકોની ફરજ જ બને છે, સરકાર સૂચના આપે અને એ પ્રેરણાથી લોકો સફાઈ કરે (નાટક) એ આપણા સૌ માટે શરમજનક છે.

'રસ્તાનો પથ્થર' એ જૂની વાર્તા છે પણ આજેય એ એટલી જ પ્રસ્તુત છે.

રાજાએ રસ્તા વચ્ચે મોટો પથ્થર મૂકાવ્યો અને 'જાગૃત નાગરિકો'ની પરીક્ષા કરવા ત્યાં જ છૂપાઈ ને બેઠો. પ્રધાનોની ગાડીઓ, વેપારીની બગીઓ-મુસાફરોની ઘોડાગાડીઓ પથ્થર ન નડે તેમ - જેમ રસ્તો કરી પસાર થઈ ગઈ. કોઈએ નગરપાલિકાને કોઈએ તંત્રને ગાળો પણ ભાંડી...

ઘાસનો મોટો ભારો લઈ જતો ખેડૂત ત્યાંથી પસાર થયો. પથ્થર જોયો. ભારો બાજુએ મૂકી એકલે હાથે પથ્થર ઉંચકી બાજુએ મુક્યો. રાજાએ ઈનામ સ્વરુપ મૂકેલી પાંચ સોના મહોર મળી - ખૂશ થયો.

આજે ભલે સોનામહોર ન મળે પણ આરોગ્ય દુષિત કરનારાં જીવજંતુનો સ્વચ્છતાથી નાશ થાય એ આપણા પૈસાની બચત એ આપણા માટે 'સોનામહોર' જ છે.

સફાઈ ઝુંબેશને ફરજ સમજી અપનાવીએ.

# સોનિયા-રાહુલની અગ્નિપરીક્ષા

## તંત્રીસ્થાનેથી....

નેશનલ હેરાલ્ડ ટેક ઓવર કેસમાં કોંગ્રેસ અધ્યક્ષા સોનિયા ગાંધી, ઉપાધ્યક્ષ રાહુલ ગાંધી અને ખજાનચી મોતીલાલ વોરા જેવાં દિગ્ગજ નામો જોઈ સ્વાભાવિક રીતે જ સામાન્ય નાગરિકને એનું સત્ય જાણવામાં રસ પડવાનો. પંડિત મોતીલાલ નહેરુએ એમની અઢળક સંપત્તિ દેશની આઝાદી માટે કુરબાન કરી દીધી હતી અને એમનું અધિકૃત નિવાસ સ્થાન 'આનંદ ભવન' પણ પ્રથમ વડાપ્રધાન પંડિત જવાહરલાલ નહેરુએ રાષ્ટ્રના ચરણે ધરી દીધું હતું. મોઢામાં ચાંદીની ચમચી નહીં; પણ પ્લેટિનમનો ચંદ્રક લઈ જન્મેલા જવાહર સાચા અર્થમાં દેશનું ઝવેરાત સાબિત થયા હતા. એમણે દેશ પાછળ આખું જીવન સમર્પિત કરી રાષ્ટ્રપ્રેમનો બેનમૂન દાખલો બેસાડ્યો. ઈંદિરા ગાંધીએ દેશમાં વ્યાપેલા આતંકવાદ સામે ઝઝૂમીને મોત વહોર્યું હતું. આવા રાષ્ટ્રીય સંસ્કારો ધરાવતા પરિવાર સામે સૌ પ્રથમ આંગળી ચીંધામણું બોફોર્સ તોપના સોદા નિમિત્તે થયું હતું જેમાં ઈટાલીના કવૉટ્રોચી સાથેના સોનિયા ગાંધીના સંબંધો પ્રત્યે શંકા સેવાઈ હતી. બોફોર્સ કાંડ ચૂંટણી મુદ્દો બની ગયો હતો. અને 'મિ.ક્લીન' તરીકે રાજકારણમાં પ્રવેશેલા રાજીવ ગાંધીને એમના જ મંત્રીમંડળના સાથી રહી ચૂકેલા વિશ્વનાથ પ્રતાપસિંહે ઘર ભેગા કર્યા હતા. બોફોર્સ તપાસ વર્ષો સુધી ચાલતી રહી અને આખરે એ મુદ્દો વિચારે પડી ગયો, પરંતુ પ્રજાના મનમાં નહેરુ-ગાંધી પરિવારની જે ઊજળી ઈમેજ હતી એ ધૂંધળી જરુર પડી ગઈ. નેશનલ હેરાલ્ડ કેસ તો કોંગ્રેસ અને ગાંધી પરિવારનો અંદરોઅંદરનો મામલો છે. પરંતુ પાણીમાંથી પોરા શોધવાની ક્ષમતા ધરાવતા વાંકદેખા સુબ્રાણ્યમ સ્વામીએ એનો તલસ્પર્શી અભ્યાસ કરીને એમાં થયેલ દલા તરવાડીવાળી રમત પકડી પાડી છે. અદાલતને પણ એમાં તથ્ય લાગ્યું છે, એમણે મુદત માગી એટલે મુદત જરુર મળી છે પણ ૧૯ ડિસેમ્બરના દિવસે તમામ રૂબરૂ હાજર થશે એવી સમજૂતી સદાઈ છે. સોનિયા ગાંધી અને રાહુલ ગાંધી માટે આ અગ્નિ પરીક્ષા છે. કોંગ્રેસ એની પડખે ઊભી છે, અને જેમની સામે કેન્દ્ર સરકારે સીબીઆઈ મારફત શિકંજો કસ્યો છે એવાં મમતા, માયાવતી, મુલાયમ ઉપરાંત જય(યુ) પણ સંસદમાં કોંગ્રેસની સાથે હોવાના સંકેતો સાંપડે છે. મોદી સરકાર પોતાના વિરોધીઓને કોઈ ને કોઈ બહાના હેઠળ ટેન્શનમાં રાખવ માગતી હોવાનું કહેવાય છે. રાજકારણમાં ખેલદિલી હોય ત્યારે જ શાસન સરખું ચાલી શકે. કિન્નાખોરીનું રાજકારણ વિષાદપ્રેરક નીવડ્યું હોય છે. ભ્રષ્ટાચાર જયારે સર્વવ્યાપી શિષ્ટાચારનો જ પર્યાય બની રહ્યો હોય ત્યારે વેરની વસૂલાત કરવા જતાં એ પ્રણાલી અંતે તો બધાને ઉઘાડા જ પાડતી હોય છે.સોનિયા ગાંધી અને રાહુલ ગાંધી સામે સરકારે કેસ નથી કર્યો તેવી દલીલ ગળે ઊતરે એવી નથી. સુબ્રાણ્યમ સ્વામી ભાજપના નેતા છે અને એમણે જયારે આવો કેસ કરવાનો નિર્ણય કર્યો હશે ત્યારે એના દેશવ્યાપી પ્રત્યાઘાતો પડશે, એટલું તો જરુર વિચાર્યું હશે. 'કોંગ્રેસ મુક્ત' ભારત બનાવવા માટે ભાજપને સુબ્રાણ્યમ સ્વામી જેવા વચેટિયા ખપ લાગી શકે એમ છે - પરંતુ આ જ મુદ્દે કોંગ્રેસી નેતાઓ પ્રત્યે સહાનુભૂતિનું મોજું પણ સરજાઈ શકે, જે મોડું વહેલું ભાજપને અને ખાસ કરીને મોદીને મોંઘું પડી શકે! જો કે જેટલીની એ દલીલ સાચી છે કે સોનિયા ગાંધી અને રાહુલ ગાંધીએ અદાલતમાં જ 'સ્વચ્છ' થઈને આવવું જોઈએ. સંસદમાં પણ તેઓ પોતાની સફાઈ આપી શકે છે. પરંતુ કેસનું કમઠાણ અટપટુ છે એટલે સ્તો સોનિયા ગાંધીને પોતે ઈંદિરાજીનાં પુત્રવધૂ હોવાની દુહાઈ દઈ પોતે કોઈથી ડરતાં નહીં હોવાનું નિવેદન કરવું પડ્યું છે

# અજબ પાઈપ લાઈન ઘડી છે પ્રભુ એ દેહમાં, ભરાઈ જાય દિલ તો છલકાઈ આંખ છે




કેટલાક પ્રશ્નોના જવાબ આંખોથી અપાય,
નહિ કે મુખથી.
હસવાથી હરેકને લાભ થાય એવું ક્યાં છે ?
રડવાથી પણ કોઈને જીતી શકાય !
આકાશી તારાઓ પણ મિત્રો બની શકે !
લઘુતાની ચાહવી ક્યાં સહેલી છે ?
બે આંસુ ટપકી પડે તો શું થયું ?
શિયાળાને બે આંખની શરમ નડે છે ક્યાં ?

ગુણવંત શાહ શિયાળાને આ રીતે આવકારે છે. જગતની બધી ચિંતા છોડીને જે માણસ શિયાળાની સવારનો તડકો માણવામાં મગ્ન હોય તે માણસ અપ્રામાણિક હોય એવો સંભવ ઓછો છે. ગુજરાતનો શિયાળો માંડ ત્રણ મહિના ટકે છે. જો આપણા દેશને સાત-આઠ મહિના જેટલો લાંબો શિયાળો મળ્યો હોત તો કદાચ આપણી ગરીબી આટલી દઝાડનારી ન હોત. શિયાળો માણસની કર્મશીલતાને સંકોરે છે અને ઉત્પાદકતાને ખો આપે છે. ઉનાળો વસ્તી વધારાને મદદરૂપ થાય છે અને આળસની ખુશામત કરે છે. શિયાળામાં વધારે કામ કરીએ તો પણ થાક નથી લાગતો, જ્યારે ઉનાળામાં કામ ન કરનારને પણ થાક લાગે છે. ગરીબની પિછોડીનાં કાણાં ન પુરાય તે માટે આપણા નેતાઓ પ્રતિબદ્ધ છે. ઉનાળો ગરીબીવર્ધક છે. શિયાળાની સગી દીકરીનું નામ સ્ફૂર્તિછે. સ્ફૂર્તિ વિનાનો સમાજ ગરીબીનો રખેવાળ છે. જે કામ એક કલાકમાં પતે તે કામમાં ત્રણ કલાક નીકળી જાય ત્યારે જે વધારાના બે કલાક લાગ્યા તેને કારણે દેશની ગરીબીને નિરાંત રહે છે. પ્રત્યેક ઓફિસના ટેબલ પર જે ચાનો કપ જોવા મળે છે તે કપ કર્મચારીને ઘૂંટડે ઘૂંટડે ગરીબી પિવડાવે છે. પશ્ચિમના કોઈ પણ દેશમાં આવી સગવડ નથી હોતી.



આંગણે શિયાળાનો પગરવ સંભળાય છે. આંખોમાં ઠંડી સરકી જાય તેની મજા જુદી હોય છે. આજે મળ્યા છીએ શિયાળાની ઋતુના સટાકા નાકમાં થઈને નીકળે છે. શિયાળાની રાતના છેલ્લા પ્રહરના વાતાવરણમાં શાનદાર ઠંડી પ્રસરેલી હોય છે. આખું વાતાવરણ જાણે એક વિરાટ શીતઘરમાં ફેરવાઈ જાય છે. ધીમે ધીમે ભળભાંખળું થતાં પૂર્વની ક્ષિતિજે રંગોની અદ્દભુત છટા સાથે સૂર્યના કોમળ કિરણો જ્યારે પૃથ્વી પર પથરાય છે, ત્યારે સમગ્ર પ્રકૃતિ જાણે હસું હસું થઈ રહે છે. આકાશ સોનેરી રંગે રંગાઈ જાય છે. રાતભર કડકડતી ઠંડીમાં ઠૂંઠવાતી રહેલી વનસ્પતિમાં નવચેતનનો સંચાર થાય છે. વૃક્ષો જાણે સમાધિમાંથી જાગી ઊઠે છે અને ફૂલવેલીઓ આનંદથી ઝૂમવા લાગે છે. પુષ્પો અને પર્ણો પર પડેલાં ઝાકળનાં બિંદુઓ સૂર્યના પ્રકાશમાં મોતીની જેમ ચળકે છે. માળામાં ભરાયેલાં પક્ષીઓ જાગી ઊઠે છે અને મીઠાં ગીતો ગાઈ ઊગતી પરોઢનું સ્વાગત કરે છે.

જગદીશચન્દ્ર ભટ્ટે એક નિબંધમાં શિયાળા અંગે સુંદર વિચારો વ્યક્ત કર્યા છે. ટાઢ ઉડાડવા કાંઈ વારંવાર ચા ન પીવાય કે શિયાળામાં વધુ પાણી પણ ન પીવાય : શિયાળો શરૂ થાય એટલે ચાની રેંકડીવાળાનો ધંધો પણ જોરમાં ચાલે. મોટા ભાગના લોકો એવું માનતા-સમજતા હોય છે કે વાતાવરણ ટાઢુંબોળ થાય એટલે શરીરમાં ગરમી કે તાજગી મેળવવા ગરમાગરમ ચા પીવાય તો બે ઘડી મોજ પડી જાય.

ભોજનમાં આદું, ડુંગળી, લસણ લેવાં; તુલસી અને અરડૂસીનો પ્રયોગ પણ ઉત્તમઃ શિયાળાના ઠંડાગાર વાતાવરણમાં ભોજનમાં આદું, લસણ અને ડુંગળી બહુ કારગત નીવડે અને ગુણકારી પણ ખરાં. આમ પણ ડુંગળી તો ગરીબોની કસ્તૂરી ગણાય છે. એ કસ્તૂરીની જેમ શરીરમાં ગરમાટો લાવે અને સસ્તી પણ ખરી. વળી શિયાળામાં અસ્થમાના દરદીઓને શ્વાસ લેવામાં તકલીફ પડતી હોવાથી અરડૂસીનો પ્રયોગ ગુણકારી નીવડે. આ જ રીતે તુલસીનો રસ પણ અતિ ઉત્તમ ગણાય. તુલસી સાથે આદું કે સૂંઠ અને મધ મેળવીને પીવાય તો આખો શિયાળો તનમાં સુખ રહે. તંદુરસ્તી લીલીછમ રહે.

બળબળતા તડકાથી દાઝી જતા લોકોને કાકાસાહેબ કહે છેઃ 'મારી દલીલ એ છે કે જે તડકામાં કુમળાં ફૂલો પણ ખીલે છે તે તડકાનો વાંક તમે શી રીતે કાઢી શકો? જે તડકો કેળના પેટનું પાણી પણ લૂંટતો નથી તેને ત્રાસદાયક કહો શા હિસાબે?' પછી ભરબપોરના તડકાનું સુંદર શબ્દચિત્ર દોરે છેઃ 'તડકો પુરજોશમાં પડતો હોય તે વખતે આકાશની શોભા ખાસ જોવાલાયક હોય છે.

**અનુસંધાન પાના નં. ૭ પર**

# હેમંતનો શેડકઢો તડકો

એવું થાય છે કે તડકાની વાતો બસ કર્યા જ કરીએ. હેમંતને શેઢકડો તડકો અંગેઅંગથી પીધા જ કરીએ.

કવિ લાભશંકર ઠાકરે એક સરસ બાળવાર્તા લખી છે. 'તડકાનો પાપડ', કવિએ તડકાનો પાપડ બનાવીને કલામ કરી છે. કડક મજાનો, તાજો તાજો, મોઢામાં મૂકતાં જ 'કડુક કડુક' બોલે એવો પાપડ કટકે કટકે ખાવાની કેટલી મજા આવે. બસ ખાધા જ કરીએ. પણ મનને ધરવ ના થાય. બસ એવું જ તડકામાં થાય છે. અંગેઅંગથી પીધા જ કરીએ, પીધા જ કરીએ પણ સહેજે સંતોષ ના થાય. કોઈવાર બરડો બરાબરનો તપી જાય તો ઘડીક વાર છાંયડાના આશ્રયે જતાં રહેવાનું ગમે, એ તો કેટલી વાર? શરીરને ઉનાળામાં ઠંડક ગમે છે પણ શિયાળામાં સહેજે સદતી નથી એટલે વળી પાછું તડકાના ઝરણામાં ડિલ ડબોળી લેવાનું મન થઈ જાય છે. માનનીય કવિશ્રી ઉમાશંકર જોષીએ 'હેમંતનો શેડકઢો તકડો' એવું એક મનભર અને અર્થસભર કાવ્ય લખ્યું છે. લેખની શરુઆતમાં મેં વાપરેલા વાક્યપ્રયોગથી મેં એમાંથી ખુશી ખુશીથી ચોરી કરી છે. આ ખજાનો હું એકલો સંઘરવાનો નથી, લો તમને એમાંનો એક અંશ અર્પણ કરું.

હેમંતનો શેડકઢો તડકો સવારનો
પીતાં હતાં પુષ્પ.
પીતાં હતાં ઘાસતૃણો
હિરાકણી-શાં હિમચક્ષુએ મૃદુઃ
ને ચક્ષુની
અબોલ હૈયાચમકે કહી રહ્યા :
છે કયાંય ગ્લાનિ
કે લાગણીની અસંતોષ-અતિતોષ-ગ્લાનિ?

સાચે જ, સવાર સવારમાં બગીચામાં ઊભા ઊભા હુંફાળો તડકો માણવાની મજા આવે છે. આજુબાજુ કવિએ કીધા છે એવાં જ રંગરંગીન પુષ્પો અને લીલમલીલા ઘાસતૃણો આપણી જેમ જ લિજ્જતથી તડકો પીતા નજરે ચડે છે. આવે આકાશમાં ધીરે ધીરે લાલ હિંગોરીયો રંગ ત્યાગતા નજરે પડે છે. આ સમય એવો માયાળુ છે કે આપણે સૂરજ સામે આંખ મિલાવી શકીએ. તેમાંથી નીકળતા કિરણોને નિહાળી શકીએ છીએ એટલું જ નહીં પણ જો પ્રહલાદ પારેખ જેવા સરવા કાન હોય તો આપણે એના અનુભવોની વાતો પણ સાંભળી શકીએ.

આકાશેથી કિરણ ઉતરી સર્વ એ વાત કે'તા :
નાચ્યાં કેવાં જલ ઉપર, ને કેમ પુષ્પો ઉઘાડ્યાં,
પેઠાં છાનાં કયમ કરી સહુ પંખીના વાસ માંહી,
વીણ્યાં બિન્દુ શબનમ તણાં ઘાસ મહીં છુપાઈ.

પ્રહલાદભાઈ એ 'બારી બહાર' કાવ્યમાં આવી આવી કેટલીય અદ્‌ભૂત વાતો વર્ણવી છે. સૂર્ય ઊગે તે પહેલાંની સવારથી માંડીને આખોઆખો દરિયામાં ડૂબી જાય ત્યાર પછી જે અંધારા રેલાય છે ત્યાં સુધીની સઘળી કહાણી છંદબદ્ધ કાવ્યમાં ગુંથીને કહી છે... આવા લાંબા-પહોળાં-વિશાળ વર્ણનો ધરાવતાં કાવ્યનું કોઈ રસદર્શન કરાવતું નથી. કલાપીના 'ગ્રામ્યમાતા' કાવ્યનું કે કાન્તના ચક્રવાક-મિથુન કાવ્યનું રસદર્શન ખબર નહીં કોણે કરાવ્યું હશે? આપણું તો ગજુ નથી, હિંમત નથી, વિચારોની સમૃદ્ધિ પણ નથી. પરંતુ કવિની નજરની આંગળી પકડીને આપણે જયારે ગુલાબજાંબુ જેવા સૂરજરાયની મીઠાશ માણીને ધરતી પર, લીલા ઘાસ ઉપર નજર કરીએ છીએ ત્યારે આપણને પણ ઝાકળના, રાતે વેરાયેલા મોતીઓના દર્શન થયા વગર રહેતા નથી. આ મોતીઓ વીણ્યાં વીણાય નહીં, ગણ્યા ગણાય નહીં એટલાં બધા હોય છે. સૂરજ સામેથી અવળી દૃષ્ટિ કરીને જયારે ઝાકળના ટીપાં તરફ જોઈએ છીએ ત્યારે એક સાથે હજારો સૂરજના પ્રતિબિંબ સામું હસે છે. આપણે એનો આનંદ માણવાનો છે, ગાવા મળે તો એના ગીત ગાવાના છે. બારેમાસ ચિંતનલેખો લખતા આપણા ભાઈઓ ભલે 'જૂઠી ઝાકળની પિછોડી, મનવાજી મારા! શીદને જાણીને તમે ઓઢી?' એવું પૂછી પૂછીને આપણા મનમસ્તિષ્કને ડહોળી નાખે છે એવી કોઈ ચેષ્ટાથી દૂર રહેવું છે. આપણે તો હાલ મનના ઉમંગોની ઉજાણી કરવા આવ્યા છીએ. તો શીદ આ ઉછળતા ઉરને વિષાદના રંગોથી ઘેરવું?






તમને થશે આ ભાઈ આમતેમ, આડીઅવળી, આડીતેડી થોડીક વાતો કરીને પછી ઉમાશંકર જોશી, સુરેસ જોશી, લાભશંકર ઠાકર કે બહુ બહુ તો ઝવેરચંદ મેઘાણીની એકાદ કવિતા માથામાં ફટકરાશે. આ બધા મારા પ્રિય કવિઓ છે એમની કવિતાથી હું વાત કર્યા વગર રહી શકતો નથી એ વાત ખરી છે પણ આજે હું તમને એક નવા કવિનો પરિચય કરાવવા માંગુ છું. કાવ્યરસિયાઓને શંભુપ્રસાદ જોશીનું નામ અજાણ્યું નહીં લાગે, કારણ કે એમના કાવ્ય બધા જ સારા સાહિત્યિક સામયિકોમાં પ્રગટ થતાં રહે છે. કાવ્ય વિષે હું કશું જ કહેવા નથી માંગતો, તમે જાતે જ વાંચીને અભિપ્રાય આપો.

**ધણ**

જુઓ વછૂટ્યા ધણ તડકાના લીલું લીલું ચરવા!
લગન એક બસ ડચકારાને લેશ ન કાને ધરવા!
બચી ડાંગથી પોરો ખાવા તરણાંછાંયે બેઠાં,
મરકટશાં ટોંચે પ્હોંચીને કોક કાભચે હેઠાં,
રજ ખંખેરી થાય સાબદાં ડગલું આગલ ભરવા!
જુઓ વછૂટ્યા...

ઠેસ ખરીની પામે તોયે મંન નહીં મચ્કાતું
રોમેરોમ ભેદાતું તોયે તંન નહીં તરડાતું,
શિંગડિયુંના હડદોલા પણ લાગે કેવા ગરવા!
જુઓ વછૂટ્યા...

થતાં વેણ ધણ હીંડ્યાં મેલી કાળજડું કોરાતું,
પુચ્છથપાટે પ્રિયનું નાજુક સમણું રગદોળાતું,
'કાલ આવશું' કહી નીસર્યાં જગ આખામાં ફરવા!
જુઓ વછૂટ્યા...

**- શંભુપ્રસાદ જોષી**

# શિયાળાની કડકડતી ઠંડી હોવા છતાં તાપણા પાસે બેસવાથી ઠંડી લાગતી નથી, તે જ રીતે જગતમાં દુઃખો હોવા છતાં ભગવાન પાસે બેસનારને - ભક્તિ કરનારને તે લાગતાં નથી

**હું તો બસ ફરવા આવ્યો છું,**
**હું ક્યાં એકે કામ તમારું કે મારું કરવા આવ્યો છુ!**
**જાદુ એવો જાય જડી ને ચાહી શકું બેચાર ઘડી,**
**ને ગાઈ શકું બે ચાર કડી તો,**
**ગીત પ્રેમનું આ પૃથ્વીના કર્ણ પેટે ધરવા આવ્યો છુ.**
**હું તો બસ ફરવા આવ્યો છું!**

**- નિરંજન ભગત**

આપણું જગત સાપેક્ષ છે, પ્રત્યેકને વળતરની અપેક્ષા હોય છે જ. છતાં અલ્પસંખ્યક - અપવાદરૂપ એવા પણ હોય (જેમને કારણે જ આ સૃષ્ટિ ટકી છે!) જે નિરપેક્ષ - નિરાકાંક્ષ કૃતિ કરતા હોય છે. આવા કર્મનિષ્ઠની કૃતિ પૂજા બની જાય છે, આવા કર્મનિષ્ઠ-પૂજારીને ઈશ પ્રસાદ સાંપડતો હોય છે, એનું જીવન પ્રાસાદિક એટલે કે પ્રસન્ન બની જતું હોય છે. આવા પ્રસન્ન મનુષ્યો જીવન્મુક્ત હોય છે. અને એમના સંપર્કમાં આવનારા પણ સદા મોકળાશ અનુભવે છે. મારું કહેવાનું તાત્પર્ય એ છે કે આપણું વર્તન અન્ય સાપેક્ષ ન હોવું જોઈએ. બીજા શું કરે છે એની ચિંતા કર્યા વગર નિરપેક્ષભાવે આપણે વર્તીએ તે આપણા વિકાસ માટે ખૂબ જ જરૂરી છે.




પરમપિતાએ આપણને વિવેક, બુદ્ધિ, અને ઈચ્છાસ્વાતંર્ત્ય એ બે અમૂલ્ય વરદાન બક્ષ્યાં છે. મનુષ્ય બુદ્ધિમાન છે એટલે સારાસારને સમજવાનો વિવેક તો હોવો જોઈએ. તેમજ સ્વેચ્છાએ વર્તવાનું સ્વાતંર્ત્ય મળ્યું પરિણામે દેવ કે દાનવ પણ થઈ શકાય... આપણી સામે રામ-રાવણ કે કૃષ્ણ-કંસ આવે અનેક શક્યતાઓમાંથી જેને પુષ્ટિ મળે તે પાંગરી ઉઠે... બીજું કે સ્વતંત્ર હોવાને કારણે ભય,લાલચ - પ્રલોભન કે સ્વભાવગત પરવશ વર્તન કરી બેસે છે. આ આપણી નૈસર્ગિક નબળાઈ છે. જરા સ્વસ્થ શાંત ચિત્તે વિચારશો તો સમજાશે કે પુણ્યનું ફળ ઈચ્છીએ છીએ પરંતુ પુણ્ય કાર્ય કરવાનું ઈચ્છીએ છીએ ખરા? પાપનું ફળ ઈચ્છતા નથી પરંતુ પાપકર્મો તો પ્રયત્નપૂર્વક કરીએ છીએ! પેલું દુર્યોધન વાક્ય આપણા માટે યથોચિત સાબિત થાય ખરું... ''જાનામિ ધર્મ ન ચ મે પ્રવૃત્તિ, જાનામિ અધર્મ ન ચ મે નિવૃત્તિ.'' બુદ્ધિથી બધું જ સમજતા હોવા છતાં વર્તન કરતી વખતે વિવેક-ભાન ગુમાવી બેસીએ છીએ. ને આખરે ''વગર વિચાર્યું જે કરે તે પાછળથી પસ્તાય'' માટે પાણી પહેલા પાળ બાંધીએ-વર્તનને વિકૃત બનતું અટકાવવા વિવેકની મર્યાદા જરૂરી છે. બાકી તો કર્મનો કાયદો નિરપવાદ કામ કર્યે જ જશે... જેવું કર્મ તેવું ફળ મળશે જ...

ઘણીવાર કર્મ-ફળ ભોગવવાનાં આવે ત્યારે માણસ દૈવને દોષ દે છે. ત્યારે એ સદંતર ભૂલી જાય છે કે દૈવના નિર્માતા તો પોતે જ છે. અગાઉ કરેલા કર્મો જ દૈવનું રૂપ લઈને આવે છે. એટલે જ ગીતાકાર કૃષ્ણ સ્પષ્ટ જણાવે છે, ''ન હિ કલ્યાણકૃતકશ્ચિત દુર્ગતિ તાત્ ગચ્છતિ અર્થાત્ સત્કાર્ય કરનારની કદી દુર્ગતિ થતી નથી.

''ધરમીને ઘેર ધાડ, કસાઈ સૌ કુશળ'' આવું વિપરીત આંખ સામે દેખાય ત્યારે દ્વિધા અનુભવીએ છીએ પરંતુ એ વાત ધ્યાનમાં રાખીએ કે પૂર્વજન્મના કરેલાં કર્મોનું જ ફળ ભોગવીએ છીએ. દેખીતી રીતે સત્કાર્ય કરનારા દુઃખ ભોગવતા હોય ત્યારે તે એના પૂર્વે થઈ ગયેલાં દુષ્કર્મોનું પાપ ધોઈ રહ્યો છે. સુખ ભોગવનારનું પુણ્ય પણ ક્ષીણ થાય છે અને દુઃખ ભોગવનારનું પાપ ક્ષીણ થાય છે. એટલે પાપને ક્ષીણ કરનાર દુઃખથી ગભરાવવાનું કોઈ કારણ નથી. સારાં કે ખોટાં કરેલાં કર્મોનાં ફળ વહેલાં કે મોડાં અવશ્ય મળવાનાં. પુણ્ય કરવાથી સુખ મળે, પાપથી દુઃખપ્રાપ્તિ થાય. વળી એ પણ ખ્યાલ મનમાંથી કાઢી નાખો કે પુણ્ય કરવાથી પાપ ધોવાય છે, સમાજમાં કરેલાં પાપ તીર્થક્ષેત્રમાં જઈને ધોવાતા નથી. પરંતુ તીર્થમાં જઈને પાપ ધોવાનો સંકલ્પ કરી શકાય, પ્રભુ પાસે શક્તિ માંગી શકાય. જેનું ખરાબ કર્યું હોય તેનું પાછું સારું ન કરો ત્યાં સુધી પરમાત્મા માફ ન કરે.

''તુલસી! હાય ગરીબ કી કબ હું ખાલી ન જાય,
મૂએ ઢોરકે ચામસે લોહા ભસ્મ હો જાય!''

ઘણા નિર્દોષ-અસમર્થને લૂંટ્યા, રંજાડ્યા પછી સારા થવા સખાવતો આદરીએ છતાં અંતરમાં ખોટું કર્યાનો ડંખ જંપવા ન દે, એરણની ચોરી કરી સોયનું દાન કરનારા આવા અજ્ઞાનીઓનો ક્યાં તોટો છે?! આપણા કાજીઓ - ન્યાયાધીશો પ્રામાણિક હશે પરંતુ ઈશ્વર તો ન્યાયી છે, ''રામના સરવાળા કદી ખોટા ન હોય!'' ખુદા કે ઘર દેર હે અંધેર નહીં,'' કુદરતકી ચક્કી ધીરે સે પીસતી હૈ મગર બારીક પીસતી હૈ''

આ પૃથ્વીલોકમાં અવતરેલા પ્રત્યેક જીવ કર્મથી મુક્ત રહી શકતો નથી. ત્યારે અહંકાર અને વાસનાથી મુક્ત રહી માત્ર ઈશ્વરના સાધનરૂપ નિમિત્તમાત્ર બનીને કર્મ કરવાથી કર્મનાં બંધનમાં ફસાઈશું નહિ. આ બધું સમજ્યાં પછી મનમાં એ પણ પ્રશ્ન જાગે કે જો બધું જ કર્મ આધારિત છે તો પછી ઈશ્વરભક્તિની શી જરૂર? મિત્રો, શિયાળાની કડકડતી ઠંડી હોવા છતાં તાપણા પાસે બેસવાથી ઠંડી લાગતી નથી. તે જ રીતે જગતમાં દુખો હોવા છતાં ભગવાન પાસે બેસનારને - ભક્તિ કરનારને તે લાગતાં નથી. જે ફલેચ્છારહિત કર્મ કરે છે તેને પોતાના કર્તુત્વનો અહંકાર રહેતો નથી. કર્મો તેને બાધક બનતાં નથી. ફળની કામના વગર કામ કરનારા હંમેશ સફળ બને છે. ને કર્મફળ ઈશ્વરને સમર્પિત કરનારા તો જીવન્મુક્ત બની જાય છે. આવા ઓલિયા - ફકીરજનો જ ગઈ શકે ''હું તો બસ ફરવા આવ્યો છું!''

**સ્પર્શમણિ :**

*જિંદગીએ*
*બહુ મસ્ત વસ્તુ શીખવાડી દીધી છે,*
*હમણાં હમણાં*
*જિંદગીમાં સુખી થવાની રીત :*
*હસવું, હસાવવું અને હસી કાઢવું.*

**- Rasikvaland1965@gmail.com**